Thursday
22.06.2023
*Volume :7 * Issue No.324
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, ૨૦૨૩ પર સંબોધન કર્યું

## "યોગ મારફતે આપણે નિઃસ્વાર્થ કર્મને જાણીએ-સમજીએ છીએ, આપણે કર્મથી કર્મયોગની સફર કરવાનો નિર્ણય કરીએ છીએ"

**"યોગ સ્વસ્થ અને શક્તિશાળી સમાજનું સર્જન કરે છે, જે પ્રચંડ સામૂહિક શક્તિ ધરાવે છે"**

**"યોગ આપણને એ ચેતના સાથે જોડે છે, જે આપણી અંદર માનવજાતની એકતાની લાગણી જન્માવે છે"**



**"આપણી શારીરિક ક્ષમતા, આપણું માનસિક સંવર્ધન વિકસિત ભારતનો આધાર બનશે"**

**"ભારતની સંસ્કૃતિ અને સામાજિક માળખું, એની આધ્યાત્મિકતા અને એનાં આદર્શો તથા એની ફિલોસોફી અને વિઝન હંમેશા એવી પરંપરાઓને પોષે છે, જે આપણને એકતા, સ્વીકાર્યતા અને સંવાદને માર્ગે દોરી જાય છે"**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો સંદેશ મારફતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, ૨૦૨૩ની રાષ્ટ્રીય ઉજવણીને સંબોધન કર્યું હતું. ૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, ૨૦૨૩ની રાષ્ટ્રીય ઉજવણીનું નેતૃત્વ ભારતનાં ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનકરે મધ્યપ્રદેશમાં જબલપુર ખાતે કર્યું હતું. આ પ્રસંગે એકત્ર જનસમૂહને સંબોધન કરીને પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર નાગરિકોને તેમની શ્રેષ્ઠ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સમજાવ્યું હતું કે, અગાઉ યોગ દિવસની ઉજવણીઓના પ્રસંગો પર તેઓ અહીં ઉપસ્થિત હતાં, પરંતુ હાલ તેઓ વિવિધ કટિબદ્ધતાઓને કારણે સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા (યુએસએ)ના પ્રવાસ પર હોવાથી વીડિયો સંદેશ મારફતે તેમની સાથે જોડાયા છે.

પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, તેઓ ભારતીય સ્થાનિક સમય મુજબ સાંજે ૫.૩૦ વાગ્યાની આસપાસ સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટરમાં યોગ કાર્યક્રમમાં હાજરી આપશે. તેમણે કહ્યું હતું કે, "ભારતની અપીલ પર ૧૮૦થી વધારે દેશોનું એકમંચ પર આવવું ઐતિહાસિક અને અસાધારણ છે." તેમણે વર્ષ ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી મારફતે યોગને વૈશ્વિક અભિયાન અને આંતરરાષ્ટ્રીય સ્પિરિટ બનાવવા સંયુક્ત રાષ્ટ્રની મહાસભા સમક્ષ યોગ દિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને એ પ્રસ્તાવને દુનિયાનાં રેકોર્ડ સંખ્યામાં દેશોએ ટેકો આપ્યો હતો એ પ્રસંગને યાદ કર્યો હતો. યોગ દિવસને વધારે વિશેષ બનાવવા 'ઓશન રિંગ ઓફ યોગ'ના વિચાર પર પ્રકાશ ફેંકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ યોગના વિચાર અને દરિયાના વિસ્તાર વચ્ચે પારસ્પરિક સંબંધ પર આધારિત છે. શ્રી મોદીએ એવું પણ જણાવ્યું હતું કે, સૈનિકોએ જળ સંસાધનોનો ઉપયોગ કરીને 'યોગ ભારતમાલા અને યોગ સાગરમાલા' બનાવી છે. પ્રધાનમંત્રીએ તેમની વાત આગળ વધારીને કહ્યું હતું કે, એ જ રીતે આર્કટિકથી એન્ટાર્કટિકા એટલે પૃથ્વી પર બે ધ્રુવ કે બે છેડાં પર સ્થિત ભારતનાં બે સંશોધન કેન્દ્રો પણ યોગ સાથે જોડાયા છે. તેમણે ભાર મૂક્યો હતો કે, આ વિશિષ્ટ ઉજવણીમાં સ્વાભાવિક રીતે સમગ્ર દેશ અને દુનિયામાંથી કરોડો લોકોની ભાગીદારી યોગની વ્યાપકતા અને લોકપ્રિયતા દર્શાવે છે. પ્રધાનમંત્રીએ ઋષિમુનિઓના કથનો ટાંકીને સમજાવ્યું હતું કે, "આપણને એકતાંતણે જોડે છે એ યોગ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, યોગનો પ્રચાર એ વિચારનું વિસ્તરણ છે કે, સકળ વિશ્વ કે સંપૂર્ણ દુનિયા એક પરિવાર સમાન છે. ચાલુ વર્ષે જી૨૦ શિખર સંમેલનની ભારતની અધ્યક્ષતા માટેની થીમ 'એક પૃથ્વી, એક પરિવાર, એકસમાન ભવિષ્ય' વિશે વાત કરીને પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, યોગના પ્રચાર-પ્રસાર પાછળ 'વસુધૈવ કુટુમ્બકમ્'નો વિચાર રહેલો છે. તેમણે ઉમેર્યું હતું કે, "અત્યારે દુનિયાભરમાં કરોડો લોકો 'વસુધૈવ કુટુમ્બકમ્ માટે યોગ'ની થીમ પર ખભેખભો મિલાવીને યોગ કરી રહ્યાં છે." પ્રધાનમંત્રીએ યોગનાં વિવિધ ગ્રંથોનો સંદર્ભ ટાંકીને કહ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિ યોગ દ્વારા આરોગ્ય, ઉત્સાહ અને જોમ-જુસ્સો મેળવશે તથા વર્ષોથી નિયમિતપણે યોગ કરતાં લોકો એની ઊર્જા અનુભવે છે. વ્યક્તિગત સ્તરે અને પારિવારિક સ્તરે સારાં સ્વાસ્થ્યનું મહત્વ સમજાવીને પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, યોગ સ્વસ્થ અને શક્તિશાળી સમાજનું સર્જન કરે છે, જેની સહિયારી ઊર્જા પ્રચંડ હોય છે. તેમણે સ્વચ્છ ભારત અભિયાન અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવા અભિયાનોનો ઉલ્લેખ કર્યો હતો, જેનાથી આત્મનિર્ભર રાષ્ટ્રનું નિર્માણ કરવામાં અને દેશની સાંસ્કૃતિક ઓળખ ફરી સ્થાપિત કરવામાં મદદ મળી છે. તેમણે જણાવ્યું હતું કે, દેશ અને એની યુવા પેઢીએ આ ઊર્જા ઊભી કરવામાં પ્રચંડ યોગદાન કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, "હાલ દેશના લોકોનો માનસિક અભિગમ બદલાયો છે, જે લોકો અને તેમના જીવનોમાં પરિવર્તન લાવે છે." પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, ભારતની સંસ્કૃતિ અને સામાજિક માળખું, એની આધ્યાત્મિકતા અને આદર્શો તથા એની ફિલોસોફી અને વિઝને હંમેશા એવી પરંપરાઓનું પોષણ કર્યું છે, જે સમગ્ર માનવજાતને એકતા, સ્વીકાર અને સંવાદનાં માર્ગે દોરી જાય છે. શ્રી મોદીએ વધુમાં ઉમેર્યું હતું કે, ભારતીયો નવા વિચારોને આવકારે છે અને તેનું જતન કરે છે. આ માટે તેમણે દેશની સમૃદ્ધ વિવિધતાનો સંદર્ભ ટાંક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, યોગ આ પ્રકારની લાગણીઓ કે ભાવનાઓને મજબૂત કરે છે, આંતરિક વિશ્વનો વ્યાપ વધારે છે અને આપણને એ ચેતના સાથે જોડે છે, જે આપણી અંદર માનવજાતના અસ્તિત્વ માટે પ્રેમરૂપી આધાર ઊભો કરવા એકતાની લાગણી જન્માવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ રીતે આપણે યોગ દ્વારા આપણા વિરોધાભાસો, સંકુચિતતાઓ અને અવરોધો દૂર કરવા પડશે. તેમણે ઉમેર્યું હતું કે, "આપણે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના જોમ અને જુસ્સાને દુનિયામાં ઉદાહરણ તરીકે રજૂ કરવો પડશે." પ્રધાનમંત્રીએ તેમનું સંબોધન પૂર્ણ કરતાં યોગ વિશે એક શ્લોક ટાંક્યો હતો અને સમજાવ્યું હતું કે, કર્મમાં કુશળતા એટલે યોગ. તેમણે ભાર મૂક્યો હતો કે, આ મંત્ર આઝાદી કા અમૃત કાળમાં દરેક માટે અતિ મહત્વપૂર્ણ છે અને જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ફરજો સંપૂર્ણપણે સમર્પણની ભાવના સાથે અદા કરે છે, ત્યારે યોગની પૂર્ણતા પ્રાપ્ત થાય છે.

શ્રી મોદીએ કહ્યું હતું કે, "યોગ મારફતે આપણે નિઃસ્વાર્થ કર્મને જાણીએ, સમજીએ છીએ, આપણે કર્મથી કર્મયોગ સુધીની સફરનો નિર્ણય લઈએ છીએ." તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, યોગ સાથે આપણે આપણું સ્વાસ્થ્ય સુધારીશું અને આ સંકલ્પોને વધારે દ્રઢ કરીશું. પ્રધાનમંત્રીએ તેમની વાત પૂર્ણ કરતાં કહ્યું હતું કે, "આપણી શારીરિક ક્ષમતા, આપણું માનસિક સંવર્ધન વિકસિત ભારતનો આધાર બનશે."

# નવસારીના સાંસદ સી.આર.પાટીલના હસ્તે ગણદેવી ખાતે આપાતકાલીન સાધન સહાયનું વિતરણ તથા નવનિયુક્ત આરોગ્ય વિભાગના કર્મચારીઓને નિમણૂક પત્ર એનાયત કરાયા.

## ગણદેવી તાલુકાના પૂરપ્રભાવિત વિસ્તારમાં પાંચ બોટ તથા બચાવ રાહત માટે ગ્રામ પંચાયતોને ૬૫ કીટ આપવામાં આવી.

કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના કોળી સમાજની વાડી ખાતે નવસારીના સાંસદશ્રી સી.આર. પાટીલના હસ્તે ગણદેવી તાલુકાના પુરથી પ્રભાવિત વિસ્તારમાં કુલ પાંચ બોટ તથા પુર સમયે બચાવ રાહત માટે ગ્રામ પંચાયતોને ૬૫ આપદામિત્ર કીટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે આરોગ્ય વિભાગના ૧૫ કમ્યુનીટી આરોગ્ય ઓફિસર કર્મચારીઓને નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહાવીર વૃધાશ્રમ બીલીમોરા માટે ભગવાન શિવના પ્રસાદરૂપે ૯૭૨ જેટલી કીટનું પણ વિતરણ મહાનુભાવોના હસ્તે આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લાભાર્થીઓને સંબોધન કરતા ગુજરાત રાજ્યના પ્રદેશ પ્રમુખ તથા નવસારીના સાંસદશ્રી સી.આર. પાટીલએ જણાવ્યું હતું કે, ગણદેવી તાલુકાને આપાતકાલીન સાધનો તથા બોટ મળવાથી ગયા વર્ષની પુર જેવી સ્થિતિ આ વખતે નહી સર્જાય અને રાહત અને બચાવ કાર્યમાં સરળતા ઉભી થશે. ગયા વર્ષ નવસારીમાં ગણદેવી તાલુકામાં પુર જેવી પરિસ્થતિમાં જિલ્લા વહીવટી તંત્ર તથા ગામના યુવાનોએ જે સંવેદનશીલતાથી રાહત અને બચાવ કાર્યમાં ખડેપગે ઉભા રહી સેવા કરી હતી તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. ગણદેવી તાલુકાના પૂરગ્રસ્ત ગામો માટે હજી વધુ પાંચ બોટ અને ૩૦૦ આપાતકાલીન કીટ આપવામાં આવશે તેની ખાતરી સાંસદશ્રી સી.આર. પાટીલએ આપીહતી.સાંસદશ્રીસી.આર.પાટીલએ વધુમાં ઉમેર્યું કે, રાજ્ય સરકારે





થોડા સમય પહેલા આવેલ બીપરજોય વાવઝોડા દરમિયાન એક પણ માનવ જાનહાની ન થઈ તે માટે સરકારે અને ગુજરાતની જાગૃત જનતાએ ખુબ સંવેદનશીલ અભિગમથી કામ કર્યું છે. ગુજરાતમાં કોઈ પણ કુદરતી આફત આવતી હોય ત્યારે સરકાર હમેશાં ઝિરો કેજ્યુલીટી લક્ષ્ય સાથે સંવેદનશીલ અભિગમથી કાર્ય કરે છે. ગણદેવીના ધારસભ્યશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગણદેવી તાલુકામાં ઉપરવાસના વરસાદી પાણીની આવક વધુ હોવાથી આપાતકાલીન સાધનો ચોક્કસ અસરગ્રસ્ત ગામોના રાહત અને બચાવ કામોમો ખુબ ઉપયોગી થઈ રહેશે. જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવે ગયા વર્ષે ગણદેવી તાલુકામાં આવેલા પુર જેવી પરિસ્થિતિમાં ગામના યુવાન તરવૈયાની રાહત બચાવની કામગીરીને બિરદાવી હતી . આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહીર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઈ પટેલ, નવસારી જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ, ગણદેવી તાલુકા અને નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, તાલુકાના અધિકારીઓ અને ગણદેવી ગામના સરપંચો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વસુધૈવ કુટુંબકમ્ માટે યોગ, હર ઘરના આંગણે યોગ' થીમ પર યોગ દિવસની ઉજવણી કરાઈ

## યોગ એ ભારતની પ્રાચીન સંસ્કૃતિ છે, યોગ થકી સમાજને નિરોગી અને સ્વસ્થ બનાવી શકાય છેઃ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત









કમલમ્ ન્યુઝ,

સમગ્ર વિશ્વના ૧૮૦ જેટલા દેશ આજે યોગ દિવસની ઉજવણી કરી રહ્યા છે, ત્યારે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'વસુધૈવ કુટુંબકમ્ માટે યોગ, હર ઘરના આંગણે યોગ'ની થીમ પર ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે ૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, યોગએ ભારતનીપ્રાચીન સંસ્કૃતિ છે, યોગ થકીસમાજને નિરોગી અને સ્વસ્થ બનાવી શકાય છે. જેથી ભારતમાં યોગનું ખૂબ જ મહત્ત્વ છે. તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં યોગ દિવસની ઉજવણી કરવાનો પ્રસ્તાવ સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં મૂક્યો હતો અને ગણતરીના મહિનાઓમાં જ ભારત સહિત વિશ્વના ૧૦૦થી વધુ દેશોએ ૨૧મી જૂન ૨૦૧૫થી યોગ દિવસની ઉજવણી કરવાનો પ્રારંભ કર્યો હતો, જે વધીને કુલ ૧૮૦ જેટલા દેશો થયા છે, જે આજે યોગ દિવસની ઉજવણી કરી રહ્યા છે. આ ભારત માટે ખૂબ જ ગૌરવની વાત છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વસુધૈવ કુટુંબકમ્ માટે યોગ એટલે કે વિશ્વ એક પરિવાર છે અને પરિવારના સ્વાસ્થ્ય અને વિકાસ માટે યોગ અનિવાર્ય છે. આ સફળ કાર્યની શરૂઆત ભારતે કરી છે, જેથી ભારત આજે વિશ્વ ગુરુ બન્યો છે, સાથે જ તમામ પરિવારોનું સ્વાસ્થ્ય નિરોગી રહે તે માટે યોગ થકી સૌનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરે છે, તેમતેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ રોજ સવારે અથવા સંધ્યાના સમયે ૩૦મિનિટ યોગ કરવા માટે ફાળવવી જોઈએ. જેથી વ્યક્તિના તન અને મન બંનેનો વિકાસ થાય છે અને જ્યારે દરેક નાગરિકનો વિકાસ થાય છે ત્યારે દેશનો વિકાસ થાય છે. અંતે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યોગ વિદ્યા થકી સ્વસ્થ જીવન કેવી રીતે જીવી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આપણા ઋષિમુનિઓએ પૂરું પાડ્યું છે, આપણી પ્રાચીન પરંપરાની શક્તિ આજે સંપૂર્ણ જગત અનુભવી રહ્યું છે. જેથી આપણે સૌ આપણી સંસ્કૃતિનું જતન કરીએ અને પોતે પણ યોગ કરીએ અને લોકોને પણ યોગ કરવા પ્રેરણા આપીએ, તેમ તેમણે ઉમેર્યું હતું. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે સુરતમાં રાજ્યકક્ષાની ઉજવણીનો શુભારંભ મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યો તેનું જીવંત પ્રસારણ તમામ નાગરિકોને દર્શાવાયું હતું. સાથે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિડિયો સંદેશ પણ તમામ લોકોને દર્શાવાયો હતો.

મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ૨૦૦૦થી વધુ લોકો સાથે કોમન યોગ પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને યોગ કર્યા હતા. યોગ ઉજવણીના શુભ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સાંસદશ્રી હસમુખ પટેલ, અમ્યુકોના કમિશનર શ્રી એમ. થેન્નારસન, અધિક મુખ્ય સચિવ (ગૃહ) શ્રી મુકેશ પુરી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, દંડક મ્યુનિ. (શાસક પક્ષ) શ્રી અરુણસિંહ રાજપૂત, તેમજ ગુજરાત યોગ બોર્ડના અધિકારીઓ, અન્ય મહાનુભાવો, નાગરિકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

વડોદ મુકામે આંકલાવ વિધાનસભાના (૧) વડોદ પ્રભુપુરા હસમુખભાઈ ફુલાભાઈ ખરી રોડ(૨)બેડવા-બાધાપુરા થી માધવપુરા (૩) ખેરડા કાનપુર રોડ થી મહેન્દ્રસિંહ ભગવાનસિંહ વિસ્તારના રોડ રૂપિયા ૪ કરોડ ૪લાખના ખર્ચે બનનાર રસ્તાઓનું સાંસદશ્રી મિતેષભાઈ પટેલના વરદ હસ્તે ખાતે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. સાંસદશ્રીની સાથે આંકલાવ વિધાનસભાના ઉમેદવાર તથા અમુલ ડેરીના ડિરેકટર શ્રી ગુલાબસિંહ પઢિયાર, જિલ્લા પંચાયત સદસ્યશ્રી હસમુખભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્યશ્રી દિલીપભાઈ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ જશવંતભાઈ, વિસ્તારક શ્રી નરેશભાઈ ચાવડા, વડોદ ગામના સરપંચશ્રી મહેન્દ્રસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારીની મદ્રેસા હાઇસ્કુલ ખાતે વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી



કમલમ્ ન્યુઝ,નવસારી

૨૧ મી જુન- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તો નવસારીનું આઈકોનીક સ્થળ સર સી.જે.એન. ઝેડ મદ્રેસા હાઈસ્કુલ ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ/યોગપ્રેમીઓ ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિશ્વ યોગ દિવસની ઉજવણી અવસરે સુરત ખાતેથી મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજયકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ તેમજ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રેરક ઉદબોધન સૌએ સાંભળ્યું હતું.આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રંગુનવાલા, કાર્યપાલક ઈજેનરશ્રી એન.એન.પટેલ, નાયબ જિલ્લા વિકાસઅધિકારીશ્રી, નવસારી-વિજલપોર નગરપાલિકા ચીફ ઓફિસર શ્રી જે.યુ.વસાવા સહિત શાળાના આચાર્યશ્રી/ શિક્ષકમિત્રો ઉપસ્થિત રહયાં હતાં.

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ૯માં વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી



કમલમ્ ન્યુઝ,

આજના આ ટેકનોલોજી યુગમાં યોગ અને વ્યાયામ પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા નક્કી કરવામાં આવેલ વિશ્વના ૧૭૦થી પણ વધારે દેશોમાં ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. વિશ્વયોગ દિવસની ઉજવણીના ભાગરૂપે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે યોગાચાર્યશ્રી રત્નાકર પાઢના માર્ગદર્શનમાં યુનિવર્સિટીના ૧૫૦૦થી પણ વધુ કર્મચારીઓ અને વિધાર્થીઓ દ્વારા યોગ અને પ્રાણાયામ કરવામાં આવ્યા હતા અને યોગ, વ્યાયામ તથા પ્રાણાયામના શારીરિક અને માનસિક ફાયદા પર પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે યોગ એ માત્ર શારીરિક કસરત નથી પણ સ્વસ્થ રહેવાનો અનોખો અભિગમ છે. જેથી નિયમિત પ્રેક્ટિસથી મન, શરીર અને ઊર્જામાં ચેતન ભરી શકાય છે.આ દિવસે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ દ્વારા યોગાસન અને સૂર્યનમસ્કાર પ્રતિયોગિતાનું પણ આયોજન કરવામાં આવેલ હતું જે અંતર્ગત વિજેતા ફેકલ્ટી અને વિધાર્થીઓને ઉપસ્થિત મહેમાનશ્રી, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશ પટેલ, પ્રોવોસ્ટ, રજીસ્ટ્રારના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશ પટેલે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે આજના આ વ્યસ્ત જીવનમાં યોગ અને કસરતનું ખુબજ મહત્વ રહ્યું છે. જેમાં યોગએ વ્યવહારીક રીતે શરીર અને મનને સ્વસ્થ રાખવામાં ખુબજ ઉપયોગી છે. તેઓશ્રીએ યોગ અને અન્ય પ્રવુતિઓ દર માસે કર્મચારીઓ અને વિધાર્થીઓના લાભાર્થે શરૂ કરવા આહવાન કર્યું હતું. જે માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સ્પોર્ટ્સ, યોગ, હેલ્થ એકેડેમી, જેવા અનેક વિષયો પર યોગ્ય માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. ગત વર્ષે ૮૪થી પણ વધુ વિધાર્થીઓએ ઓલ ઈન્ડિયા યુનિવર્સિટીમાં પોતાનું સામર્થ્ય પ્રદર્શિત કર્યું હતું જે યુનિવર્સિટી માટે ગર્વની બાબત છે.કાર્યક્રમના સફળ આયોજન બદલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશ પટેલ, પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાણી, રજીસ્ટ્રાર ડો.કે.એ.પટેલ સાહેબ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર દ્વારા આયોજકો અને એન.એસ.એસ.યુનિટને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ૧૦૬ વર્ષ ની વયે વિરાંગના મેઘબાઈ શ્રમ સાથે યોગ કરે છે



કમલમ્ ન્યુઝ,માધાપર

ભારત દેશે સમગ્ર વિશ્વને માનવ જીવન માં યોગ નું મહત્વ શું છે એ સમજાવ્યું અને ૨૧ જૂન ને વિશ્વ આંતરાષ્ટ્રિય યોગ દિવસ તરીકે મનાવવામાં આવે તેવું દુનિયા ના મોટા ભાગના દેશો એ સ્વીકારેલ છે.આજરોજ યોગ દિવસ નિમિતે કચ્છ જિલ્લા ના માધાપર ગામે મેઘબાઈ કરશનભાઈ સેધાણી જેમની ઉંમર વર્ષ ૧૦૬ વર્ષ ની છે આજ પણ એ રેગ્યુલર સવારે શરીર ને અનુરૂપ કસરત અને યોગ કરે છે આ અંગે વિશેષ માહિતી આપતાં મેઘબાઈ ના પૌત્ર જગદીશ સેધાણી એ જણાવ્યું હતું કે વર્ષો થી મારા દાદી એ શ્રમ જીવન વિતાવ્યું છે જેને કારણે તેમનું સ્વાસ્થ્ય સ્વસ્થ રહે અને નખશીખ રોગ મુક્ત છે ૧૯૭૧ ભારત - પાક યુધ્ધ વખતે પણ મારા દાદી મેઘબાઈ એ એરપોર્ટ પટ્ટી રીપેર સેવા માં વિરાંગના તરીકે દેશ માટે પોતાનું યોગદાન પણ આપ્યું છે.

# હળવદ મામલતદારશ્રી ચિંતન આચાર્યના અધ્યક્ષસ્થાને અમૃત સરોવરના કિનારે તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાયો


## મહાનુભાવોના હસ્તે વડ, પીપળો, રાયણ જેવા વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું



કમલમ્ ન્યુઝ,મોરબી

સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય' થીમ પર ઉજવણી થઈ હતી. જેના ઉપલક્ષ્યમાં તા. ૨૧/૦૬/૨૦૨૩ના રોજ હળવદમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે હળવદ ગ્રામ્ય વિસ્તારનો તાલુકા કક્ષાનો કાર્યક્રમ સાપકડા ગામે અમૃત સરોવરના કિનારે હળવદ મામલતદારશ્રી ચિંતન આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ગામના આગેવાનો તેમજ ગ્રામજનોએ યોગના વિવિધ આસનો અને પ્રાણાયામ કરીને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી. આયુષ વિભાગ દ્વારા યોગ અને તેના મહત્વ વિશે સમજણ આપતા બેનર્સ મૂકીને યોગ વિશે જાગૃતિ માટેના પ્રયત્નો કરવામાં આવેલ હતા. કાર્યક્રમના અંતે અમૃત સરોવરના સ્થળે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વડ, પીપળો, રાયણ જેવા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે હળવદ મામલતદારશ્રી ચિંતન આચાર્ય, સહ અધ્યક્ષ તરીકે તાલુકા વિકાસ અધિકારીશ્રી એમ. કે. સિંધવ, તાલુકાના પદાધિકારીશ્રીઓ, સાપકડા ગામના સરપંચશ્રી નટુભાઈ કણઝરીયા, આયુષ ડોકટરશ્રી પિલુડીયા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દીપાબેન બોડા, તાલુકા પંચાયત કચેરીનો સ્ટાફ, સાપકડા પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ, ગામના આગેવાનો અને ગ્રામજનોએ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# વિશ્વ યોગ દિવસની ઉજવણી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિદ્યાકુંજવિદ્યાલય વીરપુર શાળામાં કરવામાં આવી



કમલમ્ ન્યુઝ,

વિશ્વયોગદિવસની ઉજવણી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિદ્યાકુંજ વિધ્યાલય વીરપુર શાળામાં કરવામાં આવી જેમાં શાળા ની ૫૫ કન્યાઓ,૭ શિક્ષકો, ૧૦ વાલીઓ, લોક વિજ્ઞાન કેન્દ્ર નાસ્ટાફ સહીત ડાયરેકટર અને આચાર્ય કેતન શાહ ઉપસ્થીત રહ્યા અનેશાળાનીયોગતાલીમીવિદ્યાર્થીની દ્વારા સૌનેયોગ,સૂર્યનમસ્કાર, પ્રાણાયામ તથા વિવિધ આસનો કરાવ્યા પછી ડાયરેકટર કેતન શાહ દ્વારા યોગ વિષે માર્ગદર્શન આપ્યું જેમાં મહાન યોગ ગુરુ પદ્મશ્રી, પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ પુરસ્કાર થી નવાજિત સુંદર્રાજ આયંગર વિષે માહીતી આપી. યોગના અગણિત લાભ વિષે માહીતી એટલે કે સર્વ રોગો નો ટીકડી વિનાનો ઉપાય એજ યોગ.યોગ ગુરુ કહેતાંહતાં કે "શરીર મારું મંદીર છે અને આસન મારી પ્રાથના છે" આસનરૂપી એ પ્રાથના થી મંદીર રૂપી શરીર ને સ્વસ્થ, તાજુ માજુ, નીરોગી રાખોએજ ધ્યેય સાથે નિયમિત યોગ કરો યોગ અપનાવો. આજના યોગ દિવસની સૌ ને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે હળવદ નગરપાલિકા કક્ષાના યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

## યોગને ઘર ઘર સુધી લઈ જવાના ઉત્તમ વિચાર સાથે વિશ્વ યોગ દિવસે હળવદ બન્યું 'યોગમય'



કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબી જિલ્લામાં યોગને ઘર ઘર સુધી લઈ જવાના ઉત્તમ વિચાર સાથે 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય, વસુધૈવ કુટુમ્બકમ'ના સંકલ્પ હેઠળ સમગ્ર જિલ્લામાં ઉત્સાહભેર આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોમાં જિલ્લા કક્ષાએ શહેરોમાં નગરપાલિકા કક્ષાએ અને તાલુકા કક્ષાએ ઉજવણી કરાઈ હતી. આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો અનેરો ઉત્સાહ વિદ્યાર્થીઓ વિશેષરૂપે જોવા મળ્યો હતો. મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં નગરપાલિકા કક્ષાએ યોજાયલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શાળાના ભૂલકાઓથી લઈ વરિષ્ઠ નાગરિકો, વિવિધ વિભાગ અધિકારીશ્રી, પદાધિકારીશ્રીઓ ,કર્મચારીઓએ યોગાભ્યાસ કર્યો હતો. નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે હળવદ નગરપાલિકા કક્ષાના યોગ દિવસની ઉજવણીમાં નગરપાલિકા સ્ટાફ, પોલિસ સ્ટાફ, શહેરના આગેવાનો, શાળાના વિદ્યાર્થીઓ તેમજ શહેરના નાગરિકોએ દ્વારા બહોળી સંખ્યામાં ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.



કમલમ્ ન્યુઝ,

તા.૨૦/૦૬/૨૦૨૩ ને મંગળ વાર ના રોજ બારડોલી વિભાગ શાળા સંકુલ ની મિટિંગ શિશુ ગૂર્જરી સ્કુલ પનિયારી ખાતે યોજવામાં આવી .આ મીટિંગ માં વર્ષ ૨૦૨૨ - ૨૩ માં સિદ્ધિ પ્રાપ્ત કરનાર સંકુલ માં કુલ ૨૮ શાળા માંથી દરેક ધોરણ માં પ્રથમ આપનાર વિદ્યાર્થી ઓ ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા . તેમજ આપણા સંકુલ માં વર્ષો થી મંત્રી અને ઉપ - પ્રમુખ જેવી મહત્વની સેવા આપનાર વિશાલભાઈ શાહ નું મોમેન્ટો અને પુષ્પ ગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું.સમગ્ર કાર્યક્રમ મા અનિલા સુરેશ મંડળ ના શ્રી ચિરાગભાઈ કોઠારી પણ ઉપસ્થિત રહી સંકુલ ની શોભા વધારી હતી છેલ્લે આપણા સંકુલ ના માન. શ્રી રાજુભાઈ શેઠ ના માર્ગદર્શન તેમજ અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો .

# માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સમગ્ર દુનિયા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવી રહી છે- શ્રી સોમ પ્રકાશજી

## સ્ટેચ્યુ ઓફ યુનિટી પરીસર બન્યું યોગમયઃ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબના સાનિધ્યમાં યોજાયો ૯મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ ૪૦૦ કરતા વધુ યોગસાધકોએ યોગસાધના કરી



કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

વૈશ્વિક ધરોહર સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની વિશ્વની સૌથી વિરાટકાય પ્રતિમાના સાનિધ્યમાં નૈસર્ગિક વાતાવરણ વચ્ચે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રીશ્રી સોમપ્રકાશજીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીશ્રી સોમપ્રકાશજીએ પોતાના પ્રેરક ઉદબોધનમાં યોગને ભારતની પ્રાચીન પરંપરા ગણાવતા જણાવ્યું કે, યોગ પ્રત્યેક બિમારીનો ઉપચાર છે. આજના તણાવયુકત જીવનમાં યોગ શારિરીક અને માનસિક સુખાકારી માટે રામબાણ છે. યોગને જીવનમાં આત્મસાત કરવા માટે કેન્દ્રીય મંત્રીશ્રી સોમપ્રકાશજીએ યુવાધન સહિત સૌને આહ્વાન કર્યું હતું. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી પરીસરમાં યોજાયેલ યોગ દિવસની ઉજવણી માં ભાગ લઈને ઘણી આનંદની અનુભુતી થઈ રહી હોવાનું ઉમેર્યુ હતુ. આ પ્રસંગે નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે પણ નર્મદા જિલ્લાના યુવાનો, નગરજનો યોગ તરફ આકર્ષાય તે માટે આહવાન કરતા જણાવ્યુ હતુ કે, યોગ શરીર નિરોગી માટે અત્યંત જરૂરી છે, માનનીય દીઘર્દ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિઝનરી પ્રયાસોના કારણે આજે યોગને વૈશ્વિક ઓળખ મળી છે. 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉજવણી માટે એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ નર્મદાના આઈકોનિક પ્રવાસનસ્થળ SOU-એકતાનગરનો પણ સમાવેશ કરાયો હતો. જ્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ઉદિત અગ્રવાલ અને જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાએ પણ પોતાની ઉપસ્થિત નોંધાવી હતી. આ પ્રસંગે CEO શ્રી ઉદિત અગ્રવાલે કેન્દ્રીય મંત્રીશ્રી સોમપ્રકાશજીને સરદાર સાહેબની પ્રતિકૃતિ ભેટ આપી અભિવાદન કર્યું હતું. આ વેળાએ સુરત ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ તેમજ અમેરિકા ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વીડિયો કોન્ફરન્સના ઓનલાઈન માધ્યમથી 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉજવણી સંદર્ભે આપેલું પ્રેરક ઉદબોધન સૌએ સાંભળ્યું હતું. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના અધિક કલેકટર શ્રી હિમાંશુ પરીખ, ડી.આર.ડી.એ. ડાયરેકટર શ્રી જે.કે.જાદવ, પ્રાંત અધિકારી શ્રી શૈલેશ ગોકલાણી, નાયબ કલેકટર સર્વશ્રી દર્શક વિઠલાણી, શિવમ બારીયા, એન.એફ.વસાવા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જયેશ પટેલ, CISF ના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી નિર્ભય સિંગ, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી વિષ્ણુ વસાવા સહિત પોલીસ, SRP, CISF તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ યોગાભ્યાસમાં ભાગ લીધો હતો.

# મોરબી ખાતે અનેરા ઉત્સાહ સાથે જિલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

## મોરબીમાં ૭૨ હજાર યોગ સાધકો યોગ કરી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરશે-ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા







કમલમ્ ન્યુઝ,ઘનશ્યામ સંઘાણી

૯ માં વિશ્વ યોગ દિવસ અન્વયે મોરબી જિલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. સમગ્ર વિશ્વની સાથે ભારતમાં અને ગુજરાત રાજ્યમાં યોગ આપણી જીવનશૈલીનું મહત્વનું અંગ બને તથા તન અને મન થી તંદુરસ્ત રહેવા માટે યોગ અને પ્રાણાયામને જીવનની દૈનિક ક્રિયાનો એક મહત્વનો ભાગ બનાવવા બાબતે લોકો જાગૃત બને તેવા ઉમદા હેતુ સાથે વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ, હર ઘર આંગણે યોગ' થીમ સાથે ૯ માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે મોરબી ખાતે જિલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયાએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બન્યા બાદ સમગ્ર વિશ્વને યોગ તરફ વળવા હાંકલ કરી અને વિશ્વએ યોગનું મહત્વ સ્વાકાર્યું. આજે સમગ્ર વિશ્વ ભરતની ઋષિ પરંપરા અપનાવી યોગ કરતું થયું છે. જિલ્લાના તમામ યોગ સાધકોને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, આપણું પરિવાર કાયમી યોગ કરતું થાય તે જરૂરી છે.

આજે આપણી જીવનશૈલી અને ખાણીપીણી એવી થઈ ગઈ છે કે, સ્વાસ્થ્યપ્રદ જીવન માટે યોગ મહત્વનું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આજે સમગ્ર મોરબીમાં ૭૨ હજાર લોકો યોગ કરી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવાના છે. આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિવિધ યોગાસનો અને પ્રાણાયામ કરી ઉત્સાહભેર યોગ દિવસની ઉજવણી કરી હતી અને યોગને જીવનનો એક અભિન્ન અંગ બનાવવા માટે નિર્ધાર કર્યો હતો.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીશ ધનખડ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિતોને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા સાથે જિલ્લા કલેકટરશ્રી જી.ટી.પંડ્યા, પોલીસ અધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, નાયબ વન સંરક્ષકશ્રી ચિરાગ અમીન, નિવાસી અધિક કલેકટરશ્રી એન.કે. મુછાર, નાયબ કલેકટરશ્રી ડી.સી. પરમાર, નાયબ પોલીસ અધિક્ષકશ્રી શ્રી ઝાલા તથા શ્રી ગોસ્વામી સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ/કર્મચારીઓ સાથે પોલીસ જવાનો, પોલીસ કેડેટ્સ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

